
# આજે ચૂંટણીનો પ્રથમ તબક્કો : છ બેઠકો માટે મતદાન



### આસામમાં પાંચ અને ત્રિપુરામાં એક બેઠક માટે મતદાન : સવારે સાત વાગે મતદાનની પ્રક્રિયા શરૂ થશે : આસામમાં ૫૧ અને ત્રિપુરામાં ૧૩ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થશે : કુલ ૮૫૮૮ મતદાન કેન્દ્રો સ્થાપિત

નવી દિલ્હી,તા. ૬

નવ તબક્કામાં યોજાઈ રહેલી લોકસભાની ચૂંટણી માટે પ્રથમ તબક્કામાં આવતીકાલે મતદાન યોજાનાર છે. સાતમી એપ્રિલથી શરૂ થઈ રહેલી ચૂંટણી હવે ૧૨મી મે સુધી ચાલશે. ૫૪૩ બેઠકોની લોકસભાની સ્થિતિ ૧૬મી મેના દિવસે મત ગણતરી બાદ જ બિલકુલ સ્પષ્ટ થશે. પ્રથમ તબક્કામાં છ બેઠકો માટે આસામ અને ત્રિપુરામાં આવતીકાલે મતદાન થશે. આસામમાં ૧૪ સીટો પૈકીની પાંચ અને ત્રિપુરામાં બે બેઠકો પૈકીના એક માટે આવતીકાલે મતદાન યોજાશે. આસામમાં પ્રથમ તબક્કામાં ૫૧ અને ત્રિપુરામાં પ્રથમ તબક્કામાં એક મહિલા સહિત ૧૩ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થનાર છે. આસામમાં ૬.૪ મિલિયન લોકો અને ત્રિપુરામાં ૧.૨ મિલિયન મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરનાર છે. ૫૪૩ બેઠકો પૈકીની આ છ બેઠકો ઉપર યોજાનાર મતદાનને લઈને પણ તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. કોંગ્રેસ પાર્ટી આસામમાં પણ ખૂબ મજબૂત સ્થિતિમાં છે જે અહીં શાસન ધરાવે છે. જ્યારે કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (સીપીઆઈએમ) ત્રિપુરામાં વર્ચસ્વ ધરાવે છે પરંતુ બંને

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

સાચુ હાસ્ય દુર્લભ છે, સાચું બે જ લોકો હસે છે... એક તો પાગલ અને બીજો સાચો સંત... બાકીના તો હસવાનો ઢોંગ કરતા હોય છે

- તરૂણ સાગરજી

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૬ | ૭ એપ્રિલ, ૨૦૧૪, સોમવાર; ચૈત્ર સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિસ્સ

### બાજપાઈની મુલાકાત લેતા નરેન્દ્ર મોદી

ભાજપના ૩૪મા સ્થાપના



દિન નિમિત્તે પ્રધાનમંત્રી પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રીએ રવિવારે સાંજે દિલ્હી ખાતે ભાજપના ભિષ્મ પિતામહ સમા પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી બાજપાઈની શુભેચ્છા મુલાકાત લીધી હતી. છેલ્લા કેટલાક વખતથી અટલબિહારી બાજપાઈ અસ્વસ્થ હોવાથી રાજનીતિમાં સક્રિય નથી. મુલાકાત દરમિયાન બાજપાઈજીના આશીર્વાદ તેઓએ મેળવ્યા હતા.

### કરૂણાનિધિ અંતિમવાર ચુંટણી લડશે

તમિલનાડુમાં મોટો પક્ષ



ગણાતા એઆઈએમડીએમકેના સુપ્રિમો કરૂણાનિધિએ જાહેર કર્યુ છે કે આ લોકસભાની ચુંટણી તેઓની અંતિમ ચુંટણી હશે ઘણા વર્ષોથી સક્રિય રાજકારણમાં રહેલા કરૂણાનિધિએ હવે ધીમે ધીમે રાજકારણમાંથી નિવૃત્તિ લેવાનું શરુ કર્યુ છે.

### અશ્વિન ઉપાધ્યાયની આપમાંથી હકાલ પટ્ટી

આમ આદમી પાર્ટીની સ્થાપના કાળથી તેની સાથે રહેલા



અને પાર્ટીને ઉભી કરવામાં તનતોડ મહેનત કરનાર અશ્વિની ઉપાધ્યાયની આપમાંથી હકાલ પટ્ટી કરવામાં આવી છે. પક્ષ વિરોધી પ્રવૃત્તિ તેમના દ્વારા કરવામાં આવતી હોવાનું ધ્યાને આવ્યા બાદ આ નિર્ણય લેવાયો હતો.

# કુડાસણ પાસે કારમાંથી ૨૦ લાખ રોકડા પકડાયા

### પી.આઈ. પુત્રની ગાડી ચેક કરતાં પોલીસને રૂપિયા મળી આવ્યા : રાત્રે દોઢ વાગ્યે ફોકસવેગન કુડાસણના સર્વિસ રોડ પરથી જતી હતી : પેટ્રોલીંગમાં રહેતી પોલીસે તપાસ કરતાં પાછળની સીટમાં ખુલ્લા ૨૦ લાખ પડયા હતા

ગાંધીનગર, તા.૬

સેકટર-૭ પોલીસ ગઈ રાત્રે પેટ્રોલીંગમાં હતી ત્યારે કુડાસણ પાસે પ્રતિક મોલની બાજુમાં સર્વિસ રોડ પરથી રાત્રે દોઢ વાગ્યે નિકળતી ફોકસવેગનને ઉભી રાખી ચેક કરી હતી. ડ્રાઈવર સીટમાં આઈ.બી.ના પી.આઈ.નો પુત્ર અને તેની બાજુમાં નિફટમાં અભ્યાસ કરતી એક યુવતી બેઠી હતી. પાછળની સીટમા જોયું તો ચલણી નોટોના ખુલ્લા બંડલો પડયા હતા. રૂ. ૨૦ લાખ તેની ગાડીમાંથી મળી આવતા પોલીસે કાર સહિત ૨૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી સીઆરપીસી ૪૧-૧-ડી મુજબ ગુનો

● અનુસંધાન પાન-૭ પર



'આપ'ની રેલી - ગાંધીનગરમાં વ્યવસ્થા પરિવર્તનના સંદેશ સાથે 'આપ'ના ઉમેદવાર ઋતુરાજ મહેતાના સમર્થનમાં નિકળેલી રેલી સૂત્રોચ્ચાર સાથે ગાજતી હતી... સેકટરોના આંતરિક માર્ગો અને શોપીંગ સેન્ટરોને આવરી લેતી રેલીમાં શહેરમાં વ્યાપક જનસંપર્ક કરાયો હતો. રાજકીય ગરમી પકડાતા બધા જ પક્ષો વિવિધ કાર્યક્રમો દ્વારા મતદારોનું ધ્યાન આકર્ષિત કરે છે... હજુ શરૂઆત હોવાથી બધા જ પક્ષોમાં કાર્યકરોનો જોમ જુસ્સો પકડાયો નથી પરંતુ આવનારા દિવસોમાં જુસ્સાભેર પ્રચાર થશે એમ મનાઈ રહ્યું છે. (તસવીર : દિપક જાની)

# હરિન પાઠક આખરે અડવાણીના પ્રચારમાં જોડાયા!!

ગાંધીનગર, તા. ૬

ટીકીટ ફાળવણીના મુદ્દે અગાઉ પક્ષથી ભારોભાર નારાજ થયેલા હરિન પાઠક આખરે ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીના પ્રચારમાં લાગી ગયા છે. કલોલમાં આજે પ્રતિભા અડવાણીની રેલી દરમિયાન મંચ પર જોવા મળેલા પાઠકે ઉત્સાહભેર સભાને પણ સંબોધી હતી.

અમદાવાદ પૂર્વના વિસ્તારમાંથી સતત સાતવાર ચુંટાયેલા હરિન પાઠકને આગામી લોકસભાની ચૂંટણી માટે ટીકીટ ન ફળવાતા રાજકીય વર્તુળોમાં આ મુદ્દો હોટ બન્યો હતો. આ મામલે અગાઉ પક્ષના બળવા સામે નારાજગી દાખવતા હરિન પાઠકના કાર્યકરોએ ફિલ્મ અભિનેતા પરેશ રાવલને ટીકીટ આપવાના મામલે ઉગ્ર વિરોધ પ્રદર્શન પણ કર્યુ હતું. જો કે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહની મુલાકાત બાદ પાઠકની નારાજગીને હવા લાગી ગઈ હોવાનું સ્પષ્ટ થયું હતું.

આ દરમિયાન ટીકીટ ન મળવાના મુદ્દે નારાજ હરિન પાઠક આજે અડવાણીજીના પ્રચારમાં વ્યસ્થ જોવા મળ્યા હતા. કલોલ ખાતે આજે યોજાયેલી પ્રતિભા અડવાણીની પ્રચાર રેલીમાં હરિન પાઠક જોવા મળ્યા હતા. રેલી દરમિયાન તેઓ મંચ પર દેખાયા હતા જ્યારે તેમણે મંચ પરથી સભાને પણ સંબોધન કર્યુ હતુ. ભાજપના રાષ્ટ્રીય નેતા અડવાણીને બહુમતીથી જીત અપાવવા હવે હરિન પાઠક પણ પ્રચાર ઝુંબેશમાં લાગી ગયા છે.

# આજે દેશમાં મોદીની ૧૦૦ સ્થાનો પર થ્રીડી સભા

### કોંગ્રેસમુક્ત ભારતની હાંકલને આધુનિક પ્રચાર માધ્યમથી વેગવાન બનાવવા ઈચ્છુક : લાખો દેશવાસીઓને સંબોધશે ગુજરાતના ત્રણ લોકસભા ક્ષેત્રોને આવરી લેવાશે

ગાંધીનગર,તા.૬

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ભારતના ૧૦૦ સ્થળો ઉપર થ્રીડી સભા સંબોધશે. દેશમાં ભ્રષ્ટાચાર અને મોંઘવારીનો પ્રયાય બની ચુકેલી કોંગ્રેસને હાંકી કાઢવા ઉપરાઉપરી જનસભાઓ સંબોધી રહેલા મોદી



હવે આધુનિક પ્રચાર ટેકનોલોજીના માધ્યમથી કોંગ્રેસ મુક્ત ભારતની હાંકલને જનજન સુધી પહોંચાડશે અને લાખો દેશવાસીઓને થ્રીડી સભા સંબોધશે. ભાજપના પ્રદેશ પ્રવક્તા આઈકે જાડેજાએ થ્રીડી સભાની માહિતી આપતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં ત્રણ સ્થાનો પર થ્રીડી સભા થશે. સાંજે છથી આઠના સમય દરમિયાન ગુજરાતના ત્રણ સ્થળો પર સભાઓ યોજાશે. ગાંધીનગરમાં સરદારચોક, રાણીપ શાકમાર્કેટની બાજુમાં થ્રીડી સભાનું સ્થળ રાખવામાં આવ્યું છે જ્યારે અમદાવાદ પૂર્વમાં નાના અંબાજી મંદિર ગ્રાઉન્ડ આદિનાથનગર, નવા ઓઢવમાં થ્રીડી સભાનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે રાજકોટમાં આટકોટ રોડ નજીક વેલાભાઈ છાયાણાની વાડી, નવા બસ ડેપોની બાજુમાં સભાનું આયોજન કરવામાં આવ્યું છે. ભાજપના મિડિયા સેલ દ્વારા આ મુજબની માહિતી અપાઈ છે. કોંગ્રેસ મુક્ત ભારતની હાંકલને મોદી આધુનિક પ્રચાર માધ્યમથી વેગવાન બનાવશે.

# મુખ્યમંત્રી અને વિપક્ષી નેતા એક સાથે જંગમાં

### રાજ્યની સ્થાપના પછી પહેલીવાર આવી રાજકીય ઘટનાનો યોગાનુયોગ : બન્ને નેતા આક્રમક અને રાજકીય વ્યુહરચનાના માહિર : રાજકીય ઉત્તેજનાઓથી પંડિતો પણ સ્તબ્ધ

ગાંધીનગર, તા. ૬

દેશની ૧૬મી લોકસભાની રચનાનો શંખનાદ થઈ ચુક્યો છે ત્યારે ગુજરાતના વર્તમાન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને વિધાનસભા વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ એક સાથે આ જંગમાં ઝુકાવ્યુ છે તેવી રાજકીય ઘટના પ્રથમવાર રાજ્યમાં નોંધાઈ રહી છે.

લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાના માત્ર બે દિવસ બાકી છે ત્યારે આ બન્ને દિગ્ગજો વડોદરા અને સાબરકાંઠા બેઠક માટે પોતાની ઉમેદવારી નોંધાવવાના છે.



આ બન્ને નેતાઓ એક સાથે લોકસભાના ચૂંટણી જંગમાં ઉતરી રહ્યા છે અને તેનું રાજકીય મહત્વ પણ રાજ્યના રાજકારણમાં નવો સમીકરણ રચશે તેમ ગણિતો રાજકીય પંડિતો માંડી રહ્યા છે.

આમ તો લોકસભાની ચૂંટણીમાં અગાઉ પૂર્વ મુખ્યમંત્રી શ્રી હિતેન્દ્ર દેસાઈએ ગોધરા બેઠક પરથી ઝુકાવ્યુ હતુ અને વિજેતા પણ થયા હતા.

આ બન્ને નેતાઓની અલગ રાજકીય ઓળખ છે પણ બન્ને નેતાઓ તેમની આક્રમક શૈલીની સામ્યતા ધરાવે છે. બન્ને નેતાઓ રાજકીય શત્રુઓ પર આક્રમક પ્રહારો માટે જાણીતા છે. બન્ને ઉત્તર ગુજરાતમાંથી આવે છે.

જો કે શ્રી શંકરસિંહ વાઘેલા દિલ્હીના રાજકારણમાં વધારે સક્રિય રહ્યા છે અને વિધાનસભામાં બીજીવાર પ્રવેશ કર્યો છે. રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી પણ થોડોક સમય રાષ્ટ્રીય રાજકારણમાં સક્રિય રહી અને ગુજરાતમાં પાછા ફરી ત્રણ-ત્રણ વખત રાજ્યના મુખ્યમંત્રીનું પદ સંભાળી રહ્યા છે.

કપડવંજ ઉપરાંત ગોધરા, ગાંધીનગર બેઠક પરથી અગાઉ શ્રી વાઘેલા સંસદમાં પહોંચ્યા હતા તો રાજ્યસભામાં પણ ક્રોસ વોટીંગના આધારે સહુથી વધુ મત મેળવી પહોંચ્યા હતા. રાજકીય વ્યુહરચનાના માહિર શ્રી વાઘેલા ગાંધીનગર જિલ્લાના વાસણ ગામના વતની છે.

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ઉત્તર ગુજરાતના વડનગરના વતની છે. તેઓ સૌરાષ્ટ્રમાં પેટા-ચૂંટણીમાં વિજયી બની રાજ્યના રાજકારણમાં પોતાની સર્વોપરિતા સિદ્ધ કરી ચુક્યા છે. બન્ને નેતાઓ રાજકીય વ્યુહરચનાના માહિર છે. આ બન્ને નેતાઓને ચૂંટણી લડતા જોઈ રાજકીય પંડિતોમાં અનેકવિધ વાતો ચર્ચામાં છે. એક તબક્કે અડવાણી માટે ગાંધીનગરની બેઠક વાઘેલાએ ખાલી કરી આપી હતી તો મુખ્યમંત્રી શ્રી મોદી ગાંધીનગરથી જ આ ચૂંટણી લડે તેવો આગ્રહ કરી તેમને ગાંધીનગર લડાવી રહ્યા છે. એક એ પણ વાત ચર્ચામાં છે કે સક્રિય રાજકારણમાં મધુસુદન મિસ્ત્રીને લઈ આવનાર વાઘેલા માટે સાબરકાંઠાની બેઠક શ્રી મિસ્ત્રીએ ખાલી કરી અને હવે વડોદરામાં મુખ્યમંત્રીશ્રી મોદીને ટક્કર આપવા તેઓએ ત્યાંથી ઝુકાવ્યુ છે.

લોકસભાની આ ચૂંટણીમાં આગામી દિવસોમાં અનેક રાજકીય દાવપેચ ખેલાવાના છે અને આ બન્ને નેતાઓ જ તેમની રાજકીય કુનેહને પ્રજાની કસોટી પર મુકશે. જોઈએ સમય જ બતાવશે કે કેવા નવા રાજકીય સમીકરણો આગામી દિવસોમાં રચાય છે.

